# ગુજરાત જાહેર સેવા આયોગ

જાહેરાત ક્રમાંક :- ૨૯/૨૦૧૨-૧૩ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકની ઓર્થોપેડીક સર્જન, કામદાર રાજ્ય વિમા યોજના, વર્ગ-૧ ની ૦૭ જગ્યાઓ (જેની વિગતો આયોગની વેબસાઇટ www.gpsc.gujarat.gov.in ઉપર આપી છે) ના ઉમેદવારો પસંદ કરવા માટે Online તેમજ Downloaded અરજીઓ તા.૨૪/૦૧/૨૦૧૩, ૧૩.૦૦ કલાક થી તા. ૦૮/૦૨/૨૦૧૩, ૧૩.૦૦ કલાક સુધીમાં મંગાવવામાં આવે છે.

આ જગાઓ પૈકી નીચે દર્શાવ્યા મુજબ ની જગાઓ અનામત છે.

| ક્રમ.. | વર્ગનુ નામ | કૂલ જગાઓ | મહિલા ઉમેદવાર |
|---|---|---|---|
| ૧. | બિન અનામત | ૦૫ | ૦૧ |
| ૨. | સા.શૈ.પ.વર્ગ | ૦૧ | -- |
| 3. | અનુ.જનજાતિ | ૦૧ | |
| | કુલ. | ૦૭ | ૦૧ |

નોધ: અનુ.જાતિ વર્ગના ઉમેદવારો બિનઅનામત જગ્યાઓ માટે અરજી કરી શકે છે અને બિન અનામત વર્ગના ધોરણો લાગુ પડશે.

શૈક્ષણિક લાયકાત:-

(૧) માન્ય યુનિવર્સિટી/ શૈક્ષણિક સંસ્થા .ની એમ.બી.બી.એસ અને એમ.એસ.( ઓર્થોપેડીક) ની પદવી અથવા એમસીઆઇ એક્ટ ૧૯૫૬ના પ્રથમ અથવા બીજા પરિશિષ્ટમાં દર્શાવેલ સમકક્ષ લાયકાત.

(૨) ગુજરાતી અને/ અથવા હિન્દીનું પુરતુ જ્ઞાન.

(3) આ જગ્યા માટે પસંદગી પામેલ ઉમેદવારે ગુજરાત મેડીકલ કાઉન્સીલ એક્ટ, ૧૯૬૭ અનુસાર નોકરીમા જોડાયા પહેલા નોંધણી કરાવવાની રહેશે.

પગાર: ૧૫૬૦૦-૩૯૧૦૦/-+ગ્રેડ પે/- ૬૬૦૦

ઉંમર.૩૫ વર્ષથી વધુ નહીં.

ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. ઉપલી વય મર્યાદામાં છુટછાટ નીચે મુજબ મળશે. વધુમાં વધુ ૪૫ વર્ષ સુધીની છુટછાટ મળશે.

| | | |
|---|---|---|
| ૧ | સા.અને શૈ.પ.વ. તથા અનુ.જનજાતિ ના ઉમેદવારો | પાંચ વર્ષ |
| ૨ | મહિલા ઉમેદવારો (બિન અનામત ) | પાંચ વર્ષ |
| ૩ | સા. અને શૈ.પ.વ. તથા અનુ. જનજાતિ ના મહિલા ઉમેદવારો | ૧૦ વર્ષ (આ છુટછાટમાં મહિલાઓ માટેની છુટછાટ.કે જે પાંચ વર્ષની છે તેનો સમાવેશ થઇ જાય છે.) |
| ૪. | માજી સૈનિકો. ઈ.સી.ઓ.. એસ.એસ.સી.ઓ. સહિત | લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫. | અશકત ઉમેદવાર :- One leg affected L or R ( a- Impaired reach, b- Weakness of Grip, c- Ataxic) ની અશકતતા ધરાવતા ઉમેદવારોને મેડીકલ બોર્ડના તબીબી પ્રમાણપત્રને આધિન ૧૦ વર્ષ સુધીની છુટછાટ મળવાપાત્ર છે.આ સિવાયની અશકતતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર નથી. | |
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ કે જેઓ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂંક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વયમર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહીં. (૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય પરંતુ ઇજનેરી. તબીબી. ખેતી વિષયક. પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂંક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાત વાળી જગ્યા ( Any such post ) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં. (3) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને. તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે | |

અરજી ફી: સામાન્ય કેટેગરીના ઉમેદવારે ભરવાની ફી રૂ.૧૦૦/-+ પૉસ્ટલ સર્વિસ ચાર્જ રૂ. ૨૭ = કુલ રૂ. ૧૨૭/--. અનામત કેટેગરીના ઉમેદવારે ફી ભરવાની નથી.

જાહેરાતની સામાન્ય જોગવાઇઓ (૧)નાગરિકત્વઃ-ઉમેદવાર, (ક) ભારતનો નાગરિક, અથવા (ખ) નેપાળનો પ્રજાજન, અથવા (ગ) ભૂતાનનો પ્રજાજન, અથવા (ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧ લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલ હોવો જોઇએ, અથવા (ચ) મૂળ ભારતીય વ્યકિત કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન(બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝેઇર, ઇથોપીયા અથવા વિયેટનામમાંથી

સ્થળાંતર કરીને આવેલ હોવો જોઇએ. પરંતુ પેટા ક્રમાંકઃ (ખ), (ગ), (ઘ) અને (ચ) માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ. નોંધઃ- જે *ઉમેદવારના* કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

(૨)વયમર્યાદાઃ-(૧) ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. (૨) આયોગ જન્મતારીખના પૂરાવા માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ.એસ.સી.ઇ. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પૂરાવાઓના આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ.........................છે, જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પૂરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસહર્તા (credibility) ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૩) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગઃ- (૧)મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન-જાતિ અને સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે. (૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગ પૈકીના જે ઉમેદવાર હોય તેઓએ અરજીપત્રક અને પરિશિષ્ટમાં તેની વિગતો અચૂક દર્શાવવી.(૩) આવા ઉમેદવારે અરજીપત્રક તથા પરિશિષ્ટના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહિ હોય તો પાછળથી અનામત ઉમેદવાર તરીકેનો લાભ મેળવવાનો દાવો માન્ય રાખવામાં આવશે નહિ. (૪)અનામત વર્ગ તરીકે લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્ર ની નકલ અરજી સાથે અવશ્ય સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે પ્રમાણપત્રની નકલ સામેલ નહિ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે. (૫)સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ ઉન્નત વર્ગમાં નહિ થતો હોય તો જ મળવાપાત્ર થશે.(૬) (૧) સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૬-૨-૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-(ક)ના નમુનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. (૨) પરિણીત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેમના માતા પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે. (૩) અરજી સાથે

પરિશિષ્ટ-ક ને બદલે **Annexure-A** (અંગ્રેજીમાં) રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે. (૪) આ પ્રમાણપત્ર **તા.૦૧-૦૪-૨૦૧૨ થી તા.૩૧-૦૩-૨૦૧૨** ના સમયગાળાની આવકને ધ્યાને લઇ, **તા.૦૧-૦૪-૨૦૧૨ થી અરજી કરવાની છેલ્લી તારીખ** સુધી મેળવેલ હોવું જોઇએ. (૫) જો ઉમેદવારે આ પ્રમાણપત્ર રજુ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને બિનઅનામત જગ્યા માટે પણ વિચારણામાં લેવાશે નહિ. (૭) અનામત વર્ગના ઉમેદવારોએ અરજીપત્રકમાં અનામતકક્ષાની અથવા બિનઅનામત (સામાન્ય) જગ્યા સામે ઉમેદવારી નોંધાવો છો? તેની વિગતો સ્પષ્ટપણે અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં દર્શાવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં ખાનું ખાલી રાખવું નહિ તે જોવાનું રહેશે. (૮) સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેવારોની સાથે નિયત ધોરણે અર્થાત વય મર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલા અન્ય ક્ષેત્રમાં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિન-અનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે. આ જોગવાઇને વિચારણામાં લઇને અરજીપત્રકમાં વિગત આપવાની રહેશે. (૯) અનુસૂચિત જાતિના ઉમેદવારે અરજીપત્રકમાં પોતાનો ધર્મ અવશ્ય દર્શાવવાનો રહેશે.(૧૦) **જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ, માજી સૈનિક, શારીરિક અશકત, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એકથી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવા પાત્ર હશે તે મળશે.**

(૪) ના-વાંધા પ્રમાણપત્ર-(૧) ગુજરાત સરકારના સરકારી/અર્ધસરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહિ આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી ના મંજૂર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે (૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઇપણ રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે ખાતા મારફત અરજી મોકલવાની રહેશે અથવા આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના-વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ 'ના વાંધા પ્રમાણપત્ર' (No Objection Certificate) રજુ કરવાનું રહેશે.

(૫) ગેરલાયક ઉમેદવાર- ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/ અર્ધસરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવાયો હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

(૬) ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ, બરતરફ- અગાઉ ઉમેદવારને સરકારી સેવા/સરકાર હસ્તકની કંપની કે બોર્ડ, કોર્પોરેશનમાંથી કયારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલા હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

(૭) રજીસ્ટ્રેશન :- તબીબી/દંત વિજ્ઞાન/પશુ ચિકિત્સા/કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં કે જયાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજુ કરવાની રહેશે અને અરજી સમયે રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૮) સામાન્ય:-(૧) ઉમેદવારે આપવાની થતી માહિતી ખોટી આપી હશે અને/અથવા અરજીપત્રકમાં જરૂરી માહિતી/ વિગતો છુપાવવાનો પ્રયાસ કરેલ હશે અને/અથવા આયોગને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હશે અને તે ધ્યાન પર આવશે તો પ્રાથમિક કસોટી, રૂબરૂ મુલાકાત, નિમણૂક વગેરે તમામ માટે ગેરલાયક ઠરશે. વધુમાં આવા ઉમેદવારોને આયોગ ભવિષ્ય માટે ગેરલાયક ઠરાવી શકશે અને જો ઉમેદવાર રાજ્ય સરકારની સેવામાં હશે તો તેમની સામે ખાતાકીય પગલાં લેવામાં આવશે. (૨) સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવવા પ્રયત્ન કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.

(૯) અગત્યની જોગવાઇઓ:- (૧) ઉપરની જગ્યા માટે નિમણૂક માટે ઉમેદવારોની પસંદગી રૂબરૂ મુલાકાત યોજીને કરવામાં આવશે. વધુ અરજીઓને કારણે જયાં પ્રાથમિક લેખિત કસોટી જરૂરી બનશે ત્યાં આવી કસોટી પછી જ તેના ગુણ ક્રમાનુસાર જરૂરી અરજીઓની ચકાસણી કરી ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટેની પાત્રતા નકકી કરશે. આ કસોટીનું માધ્યમ આયોગ અન્યથા નકકી કરશે નહિ તો ગુજરાતી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યતઃ અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વ ખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. (૨) આ જાહેરાતોમાં ઠરાવેલ લઘુતમ શૈક્ષણિક લાયકાત તેમજ અનુભવ કરતાં વધુ શૈક્ષણિક લાયકાત અને/અથવા વધુ અનુભવ અને/અથવા લાયકાતમાં ઉંચી ટકાવારીને આધારે રૂબરૂ મુલાકાત માટે આયોગ ઉમેદવારોની સંખ્યા મર્યાદિત કરી શકશે.

(૧૦) રૂબરૂ મુલાકાત :- (૧) રૂબરૂ મુલાકાત આયોગની કચેરી ખાતે જ લેવામાં આવશે. ઉમેદવારે પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. (૨) અનુસૂચિત જાતિ, અનુ.જનજાતિ તથા બેરોજગાર ઉમેદવારો કે જેઓના માતા-પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ. ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકીટના દર પ્રમાણે બસ ભાડું મળવા પાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનું રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજૂ કરવાની રહેશે. (૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્ર રજૂ કરશે નહિ તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહિ તેની ખાસ નોંધ લેવી.

(૧૧) નીચે દર્શાવ્યા મુજબની અધૂરી અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દ્રષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી.)

(૧) અરજીમાં વિગતો અધૂરી કે અવાચ્ય હોવાથી

(૨) અરજી સાથે પૂરેપૂરી ફી ભરેલ ન હોય.

(૩) એક જગ્યા માટે એક કરતાં વધુ અરજી મળેલ હોય.

(૪) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારે અરજી પત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય.

(૫) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજૂ કરેલ ન હોય.

(૬) સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારે તા.૦૧-૦૪-૨૦૧૧ થી તા.૩૧-૦૩-૨૦૧૨ ના સમયગાળાની આવકને ધ્યાને લઇ, તા.૦૧-૦૪-૨૦૧૨ થી અરજી કરવાની છેલ્લી તારીખના સમય ગાળા દરમ્યાન મેળવેલ નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર 'પરિશિષ્ટ-ક' રજૂ કરેલ ન હોય.

(૭) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ હોય.

(૮) જન્મતારીખ માટે એસ. એસ. સી. પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય.

નિમણૂક:- (૧) ઉપરની જાહેરાત સંબંધમાં પસંદ થયેલા ઉમેદવારની નિમણૂક માટે સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતા પહેલાં કોમ્પ્યુટર અંગેની **CCC** અથવા તો તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નકકી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહિ ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહિ. (૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહિ.

નોંધ:- અરજીફોર્મ મેળવવાની, ફીની, વયમર્યાદામાં છૂટછાટની વિગતો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટીસ બોર્ડ ઉપર અને આયોગની વેબસાઇટ www.gpsc.gujarat.gov.in ઉપર અથવા ગુજરાત રોજગાર સમાચાર તથા તેની વેબસાઇટ www.gujarat.informations.net ઉપર અચૂક જોવાની રહેશે. વેબસાઇટ ઉપરની વિગતો જોયા વિના ઉમેદવાર અરજી કરશે અને અરજીમાં કોઇ માહિતી/વિગતો આપવામાં આવશે નહિ કે અધૂરી આપવામાં આવશે કે જાહેરાતની સૂચનાઓ મુજબ આપવામાં આવશે નહિ , તેની જવાબદારીજે તે ઉમેદવારની રહેશે અને આ અંગે પાછળથી કોઇ ફરિયાદ કે રજૂઆત આયોગ દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

**Online અરજી કરવાની તથા અરજી ફી ભરવાની રીત:-**

આ જાહેરાતના સંદર્ભમાં આયોગ દ્વારા ઓન લાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર તા.૨૪-૦૧-૨૦૧૩ ૧૩.૦૦ કલાક થી તા.૦૮-૦૨-૨૦૧૩, ૧૩.૦૦ કલાક સુધીમાં http://ojas.guj.nic.in પર અરજી પત્રક ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના **Steps (૧) થી (૧૬)** અનુસરવાના રહેશે. **Confirmation Number** મળ્યા પછી જ અરજી માન્ય ગણાશે.

(૧) *સૌ પ્રથમ http://ojas.guj.nic.in પર જવું.*

(૨) Apply On line Click કરવું.

(૩) ઓર્થોપેડીક સર્જન, કામદાર રાજ્ય વિમા યોજના, વર્ગ-૧.પર click કરવાથી જગ્યાની વિગતો મળશે.

(૪) તેની નીચે Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Formatમાં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદરડી (*)નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)

(૫) Personal Details ભરાયા બાદ Educational Details ભરવા માટે Educational Details પર click કરવું અને પોતાની શૈક્ષણિક વિગતો ઉમેરવી.

(૬) Additional Qualification પર "click" કરી Additional Qualification ભરવી.

(૭) Experience Details પર "click" કરવું અને Experience Details ભરવી. વધુ Experience ઉમેરવા માગતા હોવ તો Add. More Exp.પર "click" કરી Details ભરવી.

(૮) Additional Information પર "click" કરી ત્યાં માહિતી ભરવી.

(૯) તેની નીચે "Self declaration" માં Yes / No પર click કરવું.

(૧૦) હવે save પર "click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં દર્શાવવાનો રહેશે.

(૧૧) જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો Edit Applicationમાં જઇને કરી શકાશે.આ સુવિધા અરજી Confirm કરતાં પહેલા ઉપલબ્ધ છે. **એક વખત અરજી Confirm થઇ ગયા પછી/બાદ આ સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં.**

(૧૨) હવે પેજના ઉપરના ભાગમાં upload photo પર click કરો અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર click કરો અહીં photo અને signature upload કરવાના છે. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature jpg Format માં(10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) "Browse" Button પર click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open Button" ને click કરો હવે "Browse Button "ની બાજુમાં "Upload Button"પર Click કરો હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે.

(૧૩) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને "Application number" તથા Birth Date Type કર્યા બાદ Ok પર click કરવાથી બે (૨) બટન ૧: Application preview ૨: confirm application દેખાશે. ઉમેદવારે show Application preview પર click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર click કરીને સુધારો કરી લેવો. અરજી confirm કર્યા પહેલા કોઇપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ સુધારો થઇ શકશે નહીં. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ confirm application પર click કરવું. Confirm application પર click કરવાથી ઉમેદવારની અરજીનો આયોગમાં online સ્વીકાર થઈ જશે. અહીં "confirmation number" generate થશે જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirmation number સિવાય કોઇપણ પત્રવ્યવહાર કરી શકાશે નહીં.

(૧૪) સામાન્ય કેટેગરીના ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર કલીક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ તથા અરજીપત્રકની નકલ અને જરૂરી બધાજ પ્રમાણપત્રોની સ્વયંપ્રમાણિત નકલ જોડીને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફિસ માં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં **રૂ.૧૨૭/-**ની ફી (આયોગની ફી રૂ. ૧૦૦/- + રૂ. ૨૭/- પૉસ્ટલ સર્વિસ ચાર્જ તારીખ ૦૮-૦૨-૨૦૧૩ સુધીમાં ભરવાની રહેશે. અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ

તથા અરજીપત્રકમાં મંગવવામાં આવેલ દસ્તાવેજો સાથેનું પરીક્ષાનું અરજીપત્રક (ડાઉનલોડ કરેલું) ઉમેદવારે તે જ પોસ્ટ ઓફિસમાં ફી જમા કરાવતી વખતે જ તા. ૨૪-૦૧-૨૦૧૩ થી તા. ૦૮-૦૨-૨૦૧૩ સુધીમાં જમા કરાવવાના રહેશે. અન્ય રીતે મોકલવામાં આવેલ અરજીપત્રકો સ્વીકારવામાં આવશે નહિં.

(૧૫) અનામત વર્ગના ઉમેદવારો (ફી માંથી મુકિત અપાયેલ ઉમેદવારો ) પોસ્ટલ ચાર્જીસ પેટે " Print Callan" ઉપર કલીક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે તથા તેઓના ભરેલા અરજીપત્રકો જરૂરી બધા જ પ્રમાણપત્રોની સ્વયંપ્રમાણિત નકલ જોડીને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફિસ ખાતે તારીખ ૨૪/૦૧૨૦૧૩થી તા.૦૮/૦૨/૨૦૧૩ સુધીમાં જમા કરાવવાના રહેશે. અને પોસ્ટલ ચાર્જીસ પેટે રૂ.૧૫/- ભરવાના રહેશે

(૧૬) જો અરજીમાં આપે મોબાઇલ નંબર આપેલ હશે તો અરજી confirm થયેથી તુરત જ આપને અરજીમાં દર્શાવેલ મોબાઇલ નંબર ઉપર SMS મળશે. આપના મોબાઇલ નંબર ઉપર આયોગ દ્વારા આ જાહેરાત સંદર્ભે SMS થી જાણ કરવામાં આવશે.

અરજી ફી :

(૧) સામાન્ય કેટેગરીના ઉમેદવારે પોસ્ટ ઓફીસમાં રૂ.૧૨૭/-ની ફી (આયોગની ફી રૂ. ૧૦૦/- + રૂ. ૨૭/- પૉસ્ટલ સર્વિસ ચાર્જ) ભરવાની રહેશે. અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે.

(૨) મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

(૩) અનામત કક્ષાના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં. તે સિવાયના ધોરણો બિન અનામત વર્ગના લાગુ પડશે.

(૪) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહી હોય તેવા ઉમેદવારને કોઇ પણ સંજોગોમાં પ્રાથમિક કસોટી/રૂબરૂ મુલાકાત પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી. આ ફી ફક્ત પોસ્ટ ઓફિસ દ્વારા જ સ્વીકારવામાં આવશે. રોકડમાં, ડીમાન્ડ ડ્રાફ્ટથી, ઇન્ડિયન પોસ્ટલ ઓર્ડર કે પે ઓર્ડરના સ્વરૂપમાં આ ફી સ્વીકારવામાં આવશે નહી. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઇ ઉમેદવાર, આ જગ્યા ના ભરતી નિયમો, તથા જાહેરાતની જોગવાઇઓ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઇ પણ તબક્કે રદ કરવામાં આવશે.

નોંધ :- અરજીપત્રક સાથે જોડવાના આવશ્યક પ્રમાણપત્રોની નકલ, વય મર્યાદામાં છૂટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, પરિશિષ્ટ-'ક' નો નમૂનો, સરકારી કર્મચારીએ રજુ કરવાના ના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટિસબોર્ડ અને આયોગની વેબસાઇટ www.gpsc.gujarat.gov.in ઉપર જોવા મળશે.